# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

**Jain English Medium School**

લેખક

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

## Jain English Medium School

આજના કાળમાં માતા-પિતાને અંગ્રેજી મીડિયમ સ્કૂલનો ક્રેઝ લાગ્યો છે. મોટા ભાગના માતા-પિતાને પોતાના બાળકને અંગ્રેજી મીડિયમમાં ભણાવવાની ભાવના હોય છે. સામાન્ય આવકવાળા માતા-પિતા પણ બહારથી સાધર્મિક ફાઉન્ડેશન પાસેથી ડોનેશન લાવી સારી સ્કૂલમાં ભણાવવા ઇચ્છે છે. પોતે ઘરખર્ચ બચાવીને અંગ્રેજી મીડિયમમાં ભણાવવા ઇચ્છે છે. ગુજરાતી મીડિયમમાં ભણાવવાની તેઓની ભાવના નથી. તેની પાછળ અનેક કારણો તેઓ પાસે હોય છે. સામે પક્ષે અંગ્રેજી મીડિયમમાં ભણવાથી અનેક નુકશાનો પણ છે. હાલ આ મુદ્દાની વિચારણા નથી કરવી. હાલ તો જો દરેક સંઘના ટ્રસ્ટીઓ અથવા કાર્યકર્તાઓ વિચારણા નહિ કરે તો ઘણા બાળકો-બાળિકાઓ કદાચ અન્યધર્મીઓ બની જશે. શું તમોને મંજૂર છે ? જો ના, તો વિકલ્પ શું થઇ શકે ? માતા-પિતાઓ અંગ્રેજી મીડિયમ માટેનો મોહ તોડવાના નથી. આ માટે ધર્મિષ્ઠ માતા-પિતાઓ પણ પોતાના બાળકોને સવારે પૂજા ન કરે અથવા નવકારશી પણ ન કરે તો પણ સ્કૂલ મોકલવા તૈયાર છે. સાંજે રાત્રિભોજન થાય તો પણ સ્કૂલ અથવા ટ્યુશન છોડવા માતા-પિતા તૈયાર નથી. હવે જ્યારે માતા-પિતા સ્કૂલનો ક્રેઝ છોડી ન શકતા હોય ત્યારે અંગ્રેજી મીડિયમ સ્કૂલ માટે શું કરવું ? જો દરેક સંઘ અથવા સ્ટેશનમાં એક-એક સ્કૂલ જૈન મેનેજમેન્ટ સહિતની ઉભી થાય તો આપણા બાળકો આવી શકે.

**જૈન અંગ્રેજી મીડિયમ સ્કૂલ ઉભી થવાથી ફાયદાઓ :**

(૧) પૂજા-નવકારશી, ચોવિહારનો ટાઇમ સચવાય.

(૨) પર્યુષણપર્વ-જ્ઞાનપંચમી-મૌનઅગિયારસ વગેરે પર્વની આરાધના થઇ શકે. (પરીક્ષાદિ તે દિવસોમાં ન હોય)

(૩) જૈન માઇનોરિટીના benefit ઘણાં બધા મળી શકે.

(૪) ગુજરાતીનો વિષય ભણાવી શકાય.

(૫) ૧ પિરિયડ રોજનો ધાર્મિક રહે તેથી બાળકો જૈન-ધર્મથી વાસિત બને.

(૬) સાધુ-સાધ્વીજી ભગવંતોના વ્યાખ્યાનાદિ ગોઠવી શકાય.

(૭) ડોનેશન આપવાની જરૂર નહિ.

(૮) જૈન student પાસે વ્યાજબી ફી લેવાય જેથી વાલીઓને રાહત થાય.

(૯) જૈન સ્કૂલમાં અનેક કળાદિ શીખડાવવા દ્વારા જૈન ધર્મને હંમેશનો વફાદાર બને.

(૧૦) બાળક-બાળિકાના ક્લાસો જુદા હોય તેથી નુકશાન થવાના chance ઓછા રહે.

(૧૧) આર્થિક નબળા માટે scholarship ની વ્યવસ્થા કરી શકાય.

(૧૨) એકમાંથી અનેક સ્કૂલો ઉભી કરી શકાય.

(૧૩) બિનજરૂરી પાઠો ઓછા કરીને ભાર વિનાનું ભણતર રાખવું.

(૧૪) શક્ય હોય તો જૈન સ્ટાફ અને ટીચર્સ લેવા.

(૧૫) બાળકોની point system ગોઠવી ઇનામો આપવા.

(૧૬) ધાર્મિક સીલેબસ ગોઠવીને બાળકોનો વિશેષ અભ્યાસ થાય તેવો પ્રયત્ન કરવો જોઇએ.

(૧૭) ધાર્મિક સ્પર્ધાઓ ગોઠવી શકાય.

(૧૮) ૬-૧૨ મહિને સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવીને બાળકોની ability બહાર લાવવી.

(૧૯) વક્તૃત્વ-સંગીત–Spoken English વગેરેના ક્લાસો રાખવા.

(૨૦) સારા વિદ્યાર્થીને અને સારા ભાવનાવાળા students ને ધર્મની વિશેષ રુચિવાળા બનાવવા.

(૨૧) સંસ્કૃત-પ્રાકૃત-તત્ત્વજ્ઞાનના પ્રેમી બાળકોનું અલગ ગ્રુપ બનાવી તેઓને વિશેષ અભ્યાસ કરાવવો જોઇએ.

(૨૨) બાળકોને ઉપયોગી જૈન Story Book વગેરે સ્કૂલની લાઇબ્રેરીમાંથી મળી શકે.

The school comes with an uncompromising complitment. It aims to achieve specific measerable, observable and quantifiable results among all students / aspirant. Because the school will have a vision to provide value based education to young minds and provide a dynamic learning environment.

**નોંધ** - જૈન મેનેજમેન્ટવાળી સ્કૂલો વધુમાં વધુ જૈન બાળકો તપોવન Day School પ્રમાણે ભણે તેવું ગોઠવવા પ્રયત્ન કરવો જોઇએ.